થયું જે કાંઈ, થાયે જે કાંઈ, થવાનું જે કાંઈ, સઘળે રે પ્રભુ તારી લીલા સમાઈ....

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૮૭ |
| અમદાવાદ | ૧૬૧ |
| ગાંધીનગર | ૩૫ |

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૭ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦, શનિવાર; શ્રાવણ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના મહામારી વચ્ચે આજે સ્વાતંત્ર્ય દિવસ ઊજવાશે

**વડાપ્રધાન મોદી લાલ કિલ્લા ઊપરથી તિરંગો ફરકાવશે : મોદી લાલ કિલ્લાની પ્રાચીર પરથી ‘નેશનલ ડિજિટલ હેલ્થ મિશન’ અને એક યુનિક આઇડેંટિટી નંબર જેવી જાહેરાતો કરી શકે છે**



નવી દિલ્હી,તા. ૧૪

કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે. ત્યારે આવતીકાલે ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પર ધ્વજ વદન કરવામાં આવનાર છે. દેશમાં આવતીકાલે સ્વતંત્રતા દિવસની ભવ્ય અને શાનદાર ઉજવણી કરવામાં આવનાર છે. ઉજવણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. દેશના કરોડો લોકો દેશભક્તિના રંગમાં પહેલાથી જ રંગાઈ ચુક્યા છે. દેશના તમામ રાજયો ભવ્ય ઉજળણી કરવા માટેની તૈયારી કરી ચુક્યા છે. અભૂતૂપર્વ સુરક્ષા અને દેશભક્તિના માહોલમાં આવતીકાલે ઉજવણી કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ સતત બીજી વખત લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવીને સત્તા જાળવી રાખી છે. મોદી આવતીકાલે સ્વચંત્રતા દિવસે નવી સરકાર આવ્યા બાદ પ્રથમ વખત સંબોધન કરનાર છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની હાલમાં નાબુદી બાદ અને પ્રચંડ બહુમતિ સાથે તેમની સરકાર બીજી વખત આવ્યા બાદ આવતીકાલે મોદી તેમના સંબોધનમાં લોકો માટે શુ જાહેરાત કરશે તેના પર તમામ રાજકીય પંડિતો અને અન્યોની બાજ નજર છે. આ વખતે સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના સતત છઠ્ઠા ઐતિહાસિક સંબોધનને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મોદીને લાલ કિલ્લા પરથી સાંભળવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના ભાષણની તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મોદી જ્યારે ભાષણ કરશે ત્યારે આશરે ૧૦૦૦૦ લોકો હાજર રહેશે.હાલમાં સુરક્ષા સંસ્થાઓ સંપૂર્ણપણે સાવધાન છે. વડાપ્રધાનના આવાસથી લઈને લાલ કિલ્લા સુધી લોંખડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ભાષણ દરમિયાન પ્રથમ વખત

● અનુસંધાન પાના - ૭ પર

## રાજસ્થાનના રણ સંગ્રામમાં અશોક ગેહલોત વિશ્વાસ મત જીત્યા

**ગૃહમાં સચિન પાયલટની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરી દેવાયો : અમિત શાહની આકરી ટીકા કરતા મુખ્યમંત્રી**

જયપુરી,તા. ૧૪

રાજસ્થાનમાં કોંગ્રેસને અંતે રાહત થઈ છે.



અશોક ગેહલોત સરકારે શુક્રવારે વિધાનસભામાં વિશ્વાસ મત જીતી લીધો છે. વિશ્વાસ પ્રસ્તાવ અંગે ચર્ચા દરમિયાન ગેહલોતે કહ્યું કે, ભાજપે સરકાર પાડવાનું કાવતરું ઘડ્યું હતું પણ તે સફળ થયું નથી.

તેમણે આ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની આકરી ટીકા કરી હતી. ચર્ચા અંગે ગેહલોતના જવાબ પછી સ્પીકર સીપી જોશીએ ધ્વનિ મતથી વિશ્વાસ મત પસાર કરીને ગૃહની કાર્યવાહી આગામી શુક્રવાર એટલે કે ૨૧ ઓગસ્ટ સુધી સ્થગિત કરી દીધી હતી ધારીવાલે કહ્યું કે, ભાજપ એવું કહે છે કે કોંગ્રેસે ધારાસભ્યોની વાડાબંધી કરી છે. જો આ વાડાબંધી છે તો તમે જે ધારાસભ્યોને ગુજરાત મોકલ્યા હતા, તે શું રાસલીલા કરવા માટે મોકલ્યા હતા? ધારીવાલે કેન્દ્ર સરકાર પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે ભાજપે અડધી રાતે રાષ્ટ્રપતિને ઉઠાડ્યા હતા.

ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

આજે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૫-૮-૨૦૨૦ના શનિવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી ૧૬-૮-૨૦૨૦ને રવિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ.

- વ્યવસ્થાપક

## ગૃહમંત્રી અમિત શાહ થયા સ્વસ્થ

ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતના ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અમિત શાહનો આજે કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. અમિત શાહ કોરોના પોઝિટીવ આવ્યા બાદ દિલ્હીની હોસ્પિટલમાં દાખલ થયા હતા. દિલ્હીમાં કોરોના રોકવા માટે યોજેલી બેઠકો દરમિયાન તેમને ચેપ લાગ્યો હતો. આજે તેઓ ફરી સ્વસ્થ થયા છે. જોકે, હજુ પણ તેઓ હોમ આઈસોલેશનમાં રહેશે. આ બાબતે અમિતશાહે એક ટ્વીટ પણ કરી છે.

અમિત શાહે પોતાની ટ્વિટમાં લખ્યું હતું કે, આજે મારો કોરોના ટેસ્ટ નેગેટિવ નેગેટિવ આવ્યો છે. હું ઈશ્વરને આભાર વ્યક્ત છું અને જેમણે મારી તબિયત માટે શુભકામનાઓ વ્યક્ત કરી અને મારા પરિવારને દિલાસો આપ્યો તે તમામનો હું દિલથી આભાર માનું છું. તબીબોની સલાહ પર હજુ બીજા કેટલાક દિવસ હું હોમ આઈસોલેશનમાં રહીશ.

## કોર્ટની અવમાનનાના કેસમાં વકીલ પ્રશાંત ભૂષણ દોષિત

**ભૂષણે બે ટ્વીટ્સનો બચાવ કર્યો પણ કોર્ટે તે માન્ય ન રાખ્યો : સજા પર ૨૦ ઓગસ્ટના રોજ સુનાવણી કરાશે**

નવી દિલ્હી,તા. ૧૪

સુપ્રીમ કોર્ટે અદાલતની અવમાનના મામલે વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણને દોષિત જાહેર કર્યા છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ટ્વીટ કરવા મામલે કોર્ટે સ્વયંભૂ સુનાવણી હાથ ધરી હતી. જસ્ટિસ અરુણ મિશ્રા, જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ કૃષ્ણ મુરારીની બેંચે કોર્ટની અવમાનના મામલે પ્રશાંત ભૂષણને દોષિ જાહેર કરી દીધા છે. હવે સજા પર ૨૦ ઓગસ્ટના રોજ સુનાવણી કરવામાં આવશે.

ભૂષણે તેમણે કરેલી બે ટ્વીટ્સનો બચાવ કરતા જણાવ્યું હતું કે, આ ટ્વીટ જસ્ટિસ વિરુદ્ધ તેમના વ્યક્તિગત આચરણ મામલે કરવામાં આવ્યા છે તેને કંટેમ્પટ ઓફ કોર્ટ ગણાવી શકાય નહીં. કોર્ટે આ મામલે પ્રશાંત ભૂષણને ૨૨ જુલાઈના રોજ કારણ જણાવો નોટિસ પાઠવી હતી. સુપ્રીમ કોર્ટે આ જ વર્ષે મેં મહિનામાં ત્રણ લોકોને માનહાની કેસ મામલે ત્રણ મહિનાની જેલની સજા કરી હતી. આ લોકોએ કોર્ટની વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી. જે લોકોને સજા સંભળાવવામાં આવી હતી, તેમાં મહારાષ્ટ્ર અને ગોવા બાર એસોશિએશનના અધ્યક્ષ નીલેશ ઓઝા અને એનજીઓ હ્યુમન રાઈટ્સ સિક્યોરિટી કાઉન્સિલ રાશિદ પઠાણ હતા.

ભૂષણને પહેલા પણ માનહાની કેસમાં નોટિસ ફટકારાઈ હતી. પ્રશાંત ભૂષણને નવેમ્બર ૨૦૦૯માં પણ સુપ્રીમ કોર્ટે માનહાની કેસમાં નોટિસ ફટકારી હતી. ત્યારે તેમને એક મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યૂમાં સુપ્રીમ કોર્ટના કેટલાક જસ્ટિસ પર ટિપ્પણી કરી હતી.

**સ્વર મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ**

અભિનંદન - શુભેચ્છાઓ - આર્શીવાદ

**સ્વર** મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ

સતત સાતત્યભરી અધતન આરોગ્ય સેવા - સૂશ્રૃષાથી ગાંધીનગરની તેમજ આસપાસના ગામના લોકોની અનેરી લોકચાહના મેળવવી એ પરમકૃપાળુ પરમાત્માનો કૃપા-પ્રસાદ જ ગણાય... સગર્ભા માતા - ગર્ભસ્થ શિશુની નિષ્ઠાભરી સારવાર - જતન માટે વિશ્વસનીય સ્થળ એટલે...

સ્વર મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ

**ડો. અમી શાહ**

M.D. (Gynaec.)

Diploma in adv. Endoscopy (CICE FRANCE)

પ્લોટ નં. ૩૮૫, સેક્ટર-૮/બી, ગાંધીનગર

● મો. ૯૮૨૫૦ ૨૦૩૧૬

**ડો. અમી શાહને...**

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે અભિનંદન... શુભકામનાઓ...

૨૭ વર્ષની સફળ - સ્નેહયાત્રા સંપન્ન કરી ૨૮માં મંગલ વર્ષમાં પ્રવેશે છે તે નિમિત્તે મિત્રો-સ્નેહીજનો તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...

અનેક પરિવારોમાં પ્રસન્નતા લાવનાર પ્રસન્ન વદના

**ડો. અમી શાહને...**

સતત ૨૬ વર્ષથી ગાંધીનગરમાં સ્ત્રી રોગ નિષ્ણાત તરીકે માતાઓ, બહેનો, બાળકો કે પરિવારના મોભીઓના હૃદયમાં એક અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જીવનનો એક સુદીર્ઘ કાળ - તબીબી સેવા - જનની સેવા - માનવ સેવા અર્થે આપનાર ડો. અમીબેન અને તેમની કર્મયોગી ટીમને... અઢળક શુભેચ્છાઓ...

**પરિવારજનો - સ્વજનો**

ડો. સંજય શાહ, ડો. સ્વર શાહ, ડો. શિવાની શાહ, સૃષ્ટિ શાહ, શ્રી રવિ ગોપાલન

નિપુલ ઠાકર, મનીષા ઠાકર, પ્રજ્ઞાબહેન પટેલ, ડો. આરતી શાહ, નિલેશ શાહ

ડો. અજય વાલીઆ, ડો. પારુલ વાલીઆ, ડો. ચિંતન વાલીઆ, ડો. અપૂર્વા વાલીઆ, શ્રી હસમુખ પટેલ, સ્વામી વ્રતાનંદ સરસ્વતી

